પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૩ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૯, રવિવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પૂર્વોતરના રાજ્યોમાં હજુ સ્ફોટક સ્થિતી

## પૂર્વોત્તરથી લઈને મુંબઈ સુધી બિલના વિરોધમાં હિંસક દેખાવો : આસામ, મેઘાલય, ત્રિપુરા અને બંગાળમાં હિંસક વિરોધ પ્રદર્શન : કોહિમામાં બંધ પડાયુ : સંચારબંધીમાં રાહતો : જામિયામાં પાંચમી સુધી રજા જાહેર થઈ

ગુવાહાટી, તા. ૧૪

ખુબ જ ચર્ચાસ્પદ અને વિવાદ જગાવનાર નાગરિક સુધારા બિલ પાસ કરવામાં આવ્યા બાદ આ કાનુનના વિરોધમાં પૂર્વોત્તર રાજ્યોમાંથી ભડકેલી હિંસામાંની આગ હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગઈ છે. ઉત્તરપૂર્વના રાજ્યો અને પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શન જારી છે ત્યારે સ્થિતિ વિસ્ફોટક બનેલી છે. હિંસાની આગ હવે દેશના અન્ય ભાગો સુધી પહોંચી રહી છે. આસામના પાટનગર ગુવાહાટી અને ડિબ્રુગઢમાં લાગુ કરવામાં આવેલી સંચારબંધીમાં રાહત આપવામાં આવી છે પરંતુ સ્કુલ અને કોલેજો બંધ સ્થિતિમાં છે. બીજી બાજુ વિરોધ પ્રદર્શન હવે મુંબઈમાં પણ જારી છે. જામિયા મિલિયા યુનિવર્સિટીમાં પણ હિંસક વિરોધ પ્રદર્શન જારી છે. આજે આસામના પાટનગરમાં સવારે નવ વાગ્યાથી લઈને સાંજે ચાર વાગ્યા સુધી સંચારબંધીમાં રાહત આપવામાં આવી હતી. છુટછાટ દરમિયાન લોકો જરૂરી ચીજવસ્તુની ખરીદી માટે બહાર નિકળ્યા હતા. વાહનોની લાંબી લાઈનો પણ જોવા મળી હતી.




બિલના વિરોધમાં પાંચમી જાન્યુઆરી સુધી જામીયાને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. પરીક્ષા રદ્દ કરવાનો નિર્ણય કરાયો છે. નાગરિક સુધારા બિલને લઈને હિંસક પ્રદર્શન જારી છે. આસામમાં ૧૬મી ડિસેમ્બર સુધી ઈન્ટરનેટ સર્વિસને બંધ કરી દીધી છે. નાગરિક સુધારા બિલ પાસ કરવામાં આવ્યા બાદ પૂર્વાંતરના રાજ્યોમાં સ્થિતી સતત વણસી રહી છે. સ્થિતીને સામાન્ય બનાવવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવ્યા હોવા છતાં તંગ

અનુસંધાન પાના - ૭ પર

## ગંગા સફાઈ કામગીરીનું પ્રધાનમંત્રીએ નિરીક્ષણ કર્યું

### અટલ ઘાટ પહોંચીને નૌકાવિહાર દ્વારા નિરીક્ષણ : નેશનલ ગંગા કાઉન્સિલની પ્રથમ બેઠકમાં નમામિ ગંગેની યોજના પર ચર્ચા



કાનપુર,તા. ૧૪

કાનપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ ગંગા કાઉન્સિલની પ્રથમ બેઠકમાં નમામિ ગંગે પ્રોજેક્ટ પર મંથન કર્યું હતું. વડાપ્રધાન ત્યારબાદ અટલઘાટ પહોંચીને નૌકાવિહાર કરીને ગંગા સફાઈનું નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાને આ પહેલા ચંદ્રશેખર આઝાદ યુનિવર્સિટીમાં નમામિ ગંગે પ્રદર્શનીનું નિરીક્ષણ કર્યું હતું. આ ગાળા દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉત્તરખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ, કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકર અને નરેન્દ્ર સિંહ તોમર સહિતના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ ચંદ્રશેખર આઝાદ યુનિવર્સિટીમાં નેશનલ ગંગા કાઉન્સિલની બેઠકમાં નમામિ ગંગે પ્રોજેક્ટ પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી.

અનુસંધાન પાના - ૭ પર

# કોઈપણ કિંમતે હું માફી નહીં માંગુ : રાહુલ



### દેશ બચાવો રેલીમાં રાહુલના મોદી સરકાર પર તીવ્ર પ્રહાર : ગરીબ, ખેડુત, મજુર અને યુવાનોના ખિસ્સામાં જ્યાં સુધી પૈસા આવશે નહીં ત્યાં સુધી મંદી રહેશે : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૧૪

કોંગ્રેસની આજે દેશ બચાવો રેલી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ભાજપ અને મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. દિલ્હીના રામલીલા મેદાનમાં કોંગ્રેસની દેશ બચાવો રેલી યોજાઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય જનતા પાર્ટી તેમના ભાષણને લઈને માફી માંગવાની વાત કરી રહી છે પરંતુ તેઓ માફી માંગવાના મુડમાં નથી. તેઓ કોઈ કિંમતે માંફી નહીં માંગશે. રાહુલે કહ્યું હતું કે, દેશમાં પહેલા અર્થવ્યવસ્થા હતી પરંતુ હવે ખતમ થઈ ચુકી છે. માફી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને દેશના લોકોની માનવી જોઈએ. તેઓ માફી

અનુસંધાન પાના - ૭ પર

## અર્થતંત્ર આઈસીયુમાં જઈ રહ્યું છે : અરવિંદ સુબ્રહ્મણ્યન

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રહ્મણ્યને કહ્યું હતું કે સરકારે તત્કાળ સાવધ થઈ જવાની જરૂર છે. દેશનું અર્થતંત્ર આઈસીયુ તરફ ધસી રહ્યું છે. ગમે ત્યારે ગંભીર મંદીનો સામનો કરવો પડી શકે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના એક ડ્રાફ્ટ પેપરમાં અરવિંદે કહ્યું હતું કે ભારતીય અર્થતંત્ર અત્યારે ટ્વીન બેલેન્સ શીટ્સ જેવા સંકટનો બીજો તબક્કો અનુભવી રહ્યું છે. એના પરિણામે ગંભીર મંદી આવી શકે છે. સરકારે સાવધ રહેવાની ખાસ જરૂર છે.

તેમણે કહ્યું હતું કે આ સામાન્ય મંદી નથી, બહુ ગંભીર મંદી છે અને સરકારે આ તરફ તત્કાળ ધ્યાન આપવાની તાકીદે જરૂર ઊભી થઈ છે.

આ ડ્રાફ્ટ પેપરના સહલેખક ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ભારતીય કચેરીના વડા જોશ ફેલમેન છે. હાલ હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં અધ્યાપન કરી રહેલા અરવિંદે પોતે અગાઉ વર્ણવેલા ટીબીએસ (ટ્વીન બેલેન્સ શીટ્સ) અને હાલની ટીબીએસ-ટુ વચ્ચે બહુ મોટો ફરક હોવાનું આ પેપરમાં નોંધ્યું હતું.

રોયલ સાયન્સ સ્કૂલ
શિક્ષકો જોઈએ છે
પગાર : ૨૦૦૦૦ થી ૩૫૦૦૦
ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, અંગ્રેજી, ગણિત
(B.Sc. B.Ed., M.Sc. B.Ed.)
રોયલ સ્કૂલ કેમ્પસ
(દહેગામ-બાયડ હાઈવે), તા. દહેગામ, જી. ગાંધીનગર
નોંધ : B.E. કે M.E. કરેલ ઉમેદવારો અરજી કરી શકશે
મો. નં. ૯૫૭૪૪૫૩૩૩૪-૩૨

REQUIRED
Corporate Office in Gandhinagar
on Rental Basis
Office should have adequate storage area.
Interested party may call on 9979868806
between 10 am to 6 pm
BROKER(S) KINDLY EXCUSE
2000 sq.ft (carpet area) fully furnished at a prominent building & location
to accommodate Reception area, 3 cabins, 1 conference room, 10-12 workstations along with 1 pantry & 2 separate washrooms.

## ન્યુઝ ટ્રેક

### હજુ ત્રણ મહિના ફારૂક અબ્દુલ્લા જેલમાં રહેશે

નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂખ અબ્દુલ્લા હજુ ત્રણ મહિના જેલમાં રહેશે. ૧૭ સપ્ટેમ્બરથી તેઓ પોતાના ઘરમાં જ કેદ છે. કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર કર્યા બાદથી તેઓ ઘરમાં જ કેદ છે.

### પ્રશાંત કિશોર હવે કેજરીવાલ માટે ચૂંટણી રણનીતિ ઘડશે

દિલ્હીમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટી રાજકીય રણનીતિકાર પ્રશાંત કિશોરની મદદ લેશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી હતી કે પ્રશાંત કિશોરની સંસ્થા ઈન્ડિયા-પેક આપના ચૂંટણી અભિયાનને સંભાળશે.

### હિમાચલમાં ભારે બરફવર્ષા

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિતના પહાડી રાજ્યોના છેલ્લા બે દિવસથી સતત હીમવર્ષા થઈ રહી છે. જેના કારણે ઠંડી વધવાની સંભાવના છે. ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ગાઢ ધુમ્મસ રહ્યુ હતુ.



ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
ગુજરાતી ● રાજસ્થાની ● પંજાબી ● મદ્રાસી
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by :
maa FOODS
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887159, M. 8160053460



અમૂલ દૂધ

એ રાષ્ટ્રનું પોષણ કરે છે.
એણે પોતાના પરિવારનું પણ પોષણ કરવાનું છે.

અમારા માનવંતા ઉપભોક્તાઓને અમે જણાવવા ઈચ્છીએ છીએ કે અમૂલ દૂધ માટે આપના દ્વારા ચુકવવામાં આવેલા પ્રત્યેક રૂપિયામાંથી લગભગ 80 પૈસા દૂધ ઉત્પાદકોને પરત કરાય છે, અને દુનિયાના આ ભાગમાં કિંમતની દૃષ્ટિએ ઉપભોક્તા– ઉત્પાદક વચ્ચેનું એ શ્રેષ્ઠ પ્રમાણ છે. દૂધ ઉત્પાદકો દૂધનું ઉત્પાદન કરતા રહે તે માટે જરૂરી છે કે તેઓ ઉત્પાદન ખર્ચને પહોંચી વળે, અને પોતાની આજીવિકા રળે.

પશુ આહારના કાચા માલના ભાવ અને મજૂરી ખર્ચમાં વધારો થવાના કારણે દૂધ ઉત્પાદન ખર્ચ વધ્યો છે. એની અસર ગુજરાતની ડેરી સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા 36 લાખ ખેડૂત પરિવારોને થાય છે.

પરિણામે, એ ખર્ચમાં વધારાનો એક હિસ્સો અમારા ઉપભોક્તાઓ પાસેથી લેવાની અમને ફરજ પડી છે, જેના કારણે અમૂલ દૂધની કિંમતોમાં માત્ર ₹ 2 પ્રતિ લીટરનો વધારો થઈ રહ્યો છે. આ કિંમત વધારો સીધો દૂધ ઉત્પાદકોને પહોંચે છે અને વચેટિયાઓના ખિસ્સામાં નથી જતો.

**આ નવી કિંમતો તા. 15 ડિસેમ્બર, 2019થી અમદાવાદ, ગાંધીનગર, ઉ. ગુજરાત, ખેડા, આણંદ, પંચમહાલ, ભરૂચ, નર્મદા જીલ્લા તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં અમલી બનશે.**

| પ્રકાર | SKU | હાલની એમઆરપી* (₹) | નવી એમઆરપી* (₹) |
|---|---|---|---|
| અમૂલ ભેંસનું દૂધ | 500 મિલી | 28 | 29 |
| અમૂલ ગોલ્ડ | 500 મિલી | 27 | 28 |
| અમૂલ શક્તિ | 500 મિલી | 25 | કોઈ ફેરફાર નહીં |
| અમૂલ ટી – સ્પેશ્યલ | 1 લીટર | 50 | 51 |
| અમૂલ ગાયનું દૂધ | 500 મિલી | 22 | 23 |
| અમૂલ તાજા | 200 મિલી | 9 | કોઈ ફેરફાર નહીં |
| | 500 મિલી | 21 | 22 |
| | 1 લીટર | 41 | 43 |
| અમૂલ ચ્હા મઝા | 500 મિલી | 21 | 22 |
| | 1 લીટર | 42 | 44 |
| અમૂલ સ્લિમ 'એન' ટ્રિમ | 200 મિલી | 8 | કોઈ ફેરફાર નહીં |
| | 250 મિલી | 10 | કોઈ ફેરફાર નહીં |
| | 500 મિલી | 18 | 19 |



*એમઆરપી (બધાં કરવેરા સહિત) શરતો લાગુ.

કોઈ પણ સ્પષ્ટીકરણ માટે, કૃપયા અમદાવાદ, ગાંધીનગર, સૌરાષ્ટ્ર અને કચ્છઃ 079 - 23969055 / 56 / 57, ભરૂચઃ 7778970697; 7359129222 | ટોલ ફ્રી નં. 1800-258-3333 પર અમારો સંપર્ક કરશો.

11292017GUJ